# ભગવાન શ્રીરામની સફળતાઓમાં હનુમાનજીનો ફાળો અદ્વિતિય હતો



આજે ચૈત્રી પૂનમ. યુવાનોના પ્રિય એવા દેવ હનુમાનજીનો જન્મદિવસ. હનુમાન એટલે વીર પ્રાજ્ઞ, રાજનીતિમાં નિપુણ મુત્સદ્દી, હનુમાન એટલે વક્તૃત્વ કળામાં નિપુણ. હનુમાનજી વિદુત્રા બુદ્ધિ, રાજનીતિ, માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, સાહિત્ય વગેરે ગુણોથી સંપન્ન હતા. આવી કલાકાલ સર્વજ્ઞ વ્યક્તિ જેની ભક્ત હોય તે ગુરુને કોઈ વિપત્તિઓનો સામનો કરવો પડે ? તેથી જ શ્રીરામની સફળતાઓમાં હનુમાનજીનો ફાળો અદ્વિતિય હતો. તેઓ આવા સર્વગુણસંપન્ન હોવા છતાં તેમનામાં લેશમાત્ર અભિમાનનો ભાવ નહોતો. તેઓ તો હંમેશા શ્રીરામની ભક્તિમાં મગ્ન રહેતાં. રામને હનુમાનજીનો ભેટો એવા સમયે થયો હતો જ્યારે તેઓ જીવનના સૌથી વધુ વિપત્તિકાળમાં હતા. શ્રીરામે સીતાજીની શોધનું કપરું કાર્ય હનુમાનજીને સોંપ્યું હતું, તે તેમણે બખૂબી નિભાવ્યું હતું.

શ્રીરામને હનુમાનજી ઉપર રાવણની આખી લંકા સળગાવી નાખી હતી.

શ્રીરામનાં કોઈપણ મહત્ત્વનાં કાર્યો કે કટોકટીની ક્ષણોમાં હનુમાનજી હંમેશા તેમની સાથે જ રહેતા. ઈન્દ્રજીતના બાણથી મરણશૈયા ઉપર પડેલા લક્ષ્મણને ઔષધી લાવીને હનુમાનજીએ જ બચાવેલા. રાવણનો યુધ્ધમાં નાશ થયો તે સમાચાર સીતાજીને આપવા શ્રીરામ હનુમાનજીને જ મોકલે છે. શ્રી હનુમાનજીનાં આવાં કાર્યોથી ગદ્ગદ્ થયેલાં શ્રીરામે રામાયણમાં એક જગ્યાએ કહ્યું છે, 'મારુતિ તમારા મારા ઉપરના અસંખ્ય ઉપકારનો બદલો માત્ર પ્રાણ ન્યોછાવર કરીને પણ હું વાળી શકું તેમ નથી.'


હનુમાનજી શંકરના ૧૧મા અવતાર હતા, જે સાત અમર મહાનુભાવો પૈકીના એક છે અને આ કળિયુગમાં હાજરાહજૂર છે.

એટલે જ કળિયુગમાંય તેમની પ્રતિષ્ઠા અને તેમના પ્રત્યેની શ્રદ્ધા અખંડ છે. સામાન્ય રીતે મોટેરાઓ ભગવાનની પૂજા વધુ કરતા હોય અને યુવા વર્ગ મંદિરથી દૂર રહેતો હોય એવું જોવામાં આવે છે. પરંતુ, હનુમાનજીના મંદિરે એથી ઊલ્ટું દ્રશ્ય જોવા મળે છે. અહીં યુવા વર્ગની સંખ્યા સૌથી વધુ જોવા મળે છે. આમ, હનુમાનજી એ યુવાઓના સૌથી ગમતીલા દેવ છે.

## પ્રસંગસર

પૂર્ણ વિશ્વાસ હતો, તેથી જ જ્યારે રાવણના ભાઈ વિભીષણનો સ્વીકાર કરવો કે ન કરવો તે ગડમથલમાં પડેલા શ્રીરામે સુગ્રીવના અભિપ્રાયને ઉવેખીને પણ હનુમાનજીને મંતવ્યનો સ્વીકાર કર્યો હતો. કારણ કે શ્રીરામ હનુમાનજીને એક ભક્ત તરીકે જ નહોતા નિહાળતા, તેમનામાં રહેલી માણસને પારખવાની અદ્ભૂત શક્તિને પણ સમજતા હતા. હનુમાનજીએ સીતાજીને અશોક વાટીકામાં આત્મહત્યાના માર્ગે જતા અટકાવ્યા હતા. તેઓ માત્ર એક વિદ્વાન જ નહિ, એક વીર સૈનિક પણ હતા. તેમનામાં કોઈપણ કાર્ય બુદ્ધિપૂર્વક હાથ ધરવાની સમજદારી હતી. તેથી તેઓએ એકલે હાથે

હનુમાનજીનું રામાયણમાં યોગદાન હોય તો તે મહત્ત્વની ત્રણ બાબતોમાં. પહેલી બાબત - સીતાની શોધ. મતલબ કે સત્યની શોધ, સત્ત્વની શોધ. બીજી બાબત - લંકા સુધી પહોંચવા માટે પુલનું નિર્માણ. મતલબ સત્ત્વ સુધી પહોંચવા માટે બુદ્ધિ અને હૃદયનું મિલન. અને ત્રીજી બાબત - રાવણનો નાશ. મતલબ કે અસત્યનો નાશ, પાપનો નાશ, અનિષ્ટનો નાશ. આ ત્રણેય બાબતોમાં હનુમાનજીનું યોગદાન મહત્ત્વનું હતું અને એટલે જ આજેય તેમના પ્રત્યેની શ્રદ્ધા અખંડ છે અને આજેય ભક્તોને એવો વિશ્વાસ છે કે જ્યાં હનુમાનજીનું નામ હોય ત્યાં અનિષ્ટ ન હોય.



# ગુજકેટની પરીક્ષા અઘરી લાગી : ફિઝીક્સ અને મેથ્સના પેપર્સે વિદ્યાર્થીઓને રડાવ્યા





## જિલ્લામાં ૫૩૫૯ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી ચાર વિષયમાં ૮૭ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા : ભૌતિકશાસ્ત્રમાં પણ સાત જેટલા પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પૂછાયા

ગાંધીનગર, તા. ૫

ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં આજે યોજાયેલી ગુજકેટની પરીક્ષામાં બાયોલોજી અને રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સરળ નીકળ્યું હતું. જ્યારે ગણિતના પ્રશ્નપત્રમાં રકમ બદલીને દાખલા પૂછાતા વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. જેના લીધે પ્રશ્નપત્ર લેન્ધી હોવાનો અહેસાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગણિતની કસોટી કપરી બની હતી. જ્યારે ભૌતિકશાસ્ત્રમાં પણ પાંચથી સાત ગુણના પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હતી. ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં આજે ત્રણ સેશનમાં ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. જેમાં પ્રથમ સેશનમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણ વિજ્ઞાનમાં કુલ ૫૪૦૨ પૈકી ૫૩૫૯ વિદ્યાર્થીઓને પરીક્ષા આપી હતી જ્યારે ૪૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ત્યારબાદ બાયોલોજી વિષયમાં ૧૬૪૦ પૈકી ૧૬૨૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જ્યારે ૧૧ ગેરહાજર રહ્યા હતા. ત્યારબાદ આખરી સેશનમાં ૩૭૩૪ વિદ્યાર્થીઓએ ગણિતની કસોટી આપી હતી. તેમજ ૩૩ પરીક્ષાર્થીઓની હાજરી ઘટી હતી. જિલ્લામાં ૨૩ વિકલાંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે પરીક્ષામાં પારદર્શકતા જળવાઈ રહે તે માટે વર્ગ-૧ના ૨૩ ઓબ્ઝર્વરે સતત વોચ રાખી હતી. ગુજકેટની પરીક્ષા દરમિયાન જિલ્લામાં કોપી કેસનો કોઈ કિસ્સો નોંધાયો નથી.

ગુજકેટની ગણિત વિષયની પરીક્ષા સંદર્ભે વિષય નિષ્ણાંત જે.જે. પટેલે જણાવ્યું હતું કે ગણિતના પ્રશ્નપત્રમાં મોટાભાગના દાખલાઓ રકમ બદલીને પુછવામાં આવ્યા છે. જ્યારે વિભાગ સી ના એક દાખલામાં રકમ ખોટી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત હતું. પરંતુ દાખલાઓની રકમ બદલાતા વિદ્યાર્થીઓને પેપર લેન્ધી પડતા કસોટી અઘરી સાબિત થઈ હતી. ભૌતિકશાસ્ત્રના વિષય નિષ્ણાંત એસ.જી. પટેલે જણાવ્યું હતું કે પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત હતુ. પરંતુ પાંચથી સાત પ્રશ્નો ટ્વીસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી હતી. જ્યારે કેમેસ્ટ્રી અને બાયોલોજીનું પ્રશ્નપત્ર સરળ હોવાનું પણ વિષય તજજ્ઞોએ જણાવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૫

કસ્ટ ભંજન અને રામભક્ત શ્રી હનુમાન દાદાની જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર શહેરમાં વિવિધ ધાર્મિક સ્થળોએ નિવાસ સ્થાનોએ ભક્તિમય કાર્યક્રમો યોજાશે. સુંદરકાંડના પાઠ અને હનુમાન ચાલીસાના પાઠ દરેક મંદિરોમાં યોજાશે અને હનુમાનજીના ભક્તો પોતાની શ્રદ્ધા, વિશ્વાસ અને ભાવનાથી બજરંગબલી શ્રી હનુમાન દાદાની પૂજા, અર્ચના અને આરાધના કરી મનોકામનાઓ સિદ્ધ કરશે.

ગાંધીનગરના બાલા હનુમાનજી મંદિર, દત્તમંદિર, શિવ શક્તિ મંદિર, પંચદેવ મંદિર, બ્રહ્મભવન, કષ્ટભંજન નિવાસ ખાતે આજે જાણીતા ધર્માચાર્યો, વ્યાસપીઠાધિકારીઓ અને સુંદર વક્તાઓ પ્રભુ આરાધના કરી હનુમાનજીની સેવા પૂજા કરશે. ભાવિક ભક્તો, નગરજનો ઉપવાસ કરી પ્રભુને આત્મીક ભક્તિભાવથી રીઝવવાનો પ્રયત્ન કરશે.

હનુમાન જયંતિના પાવન પ્રસંગે જાણીતા કથાકાર કન્હૈયાલાલ મહારાજ, કાન્તીભાઈ યોગી, સંજયભારતી ગોસ્વામી જેવા યોગી પુરૂષો નગરના વિદ્-વિદ્ સ્થળોએ સુંદરકાંડના પાઠ કરશે. ૧૦૦૮ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે. તેલનો અભિષેક કરાશે તથા આકડાના ફૂલની માળાથી હનુમાનજીને શણગારી સિંદૂર તથા તેલ ચઢાવશે.

'જય હનુમાન જ્ઞાન ગુન સાગર...'ની અખંડ ધૂનો તથા મારૂતિ યજ્ઞનું આજના દિને આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૫ ના શિવ ભક્તિ મંદિરમાં તથા સિદ્ધનાથ મહાદેવ મંદિરે આજે મારૂતિ યજ્ઞ યોજાશે જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાશે અને ભગવાની આરાધના, સ્તુતિ અને મંગલમય કામના સાથે વંદના કરશે. રંગ અવધૂત પરિવાર અને રૂદ્રી મંડળના સહયોગથી દત્ત મંદિર સેક્ટર-૨૮માં ૧૦૦૮ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે તથા તેલનો અભિષેક ભાવિકો દ્વારા કરવામાં આવશે. દરેક નાના મોટા સેક્ટરોમાં આવેલા મંદિરોમાં સ્થાનિક પૂજારીઓ દ્વારા પૂજનનો કાર્યક્રમ યોજાશે. સેક્ટર-૨ના બાલા હનુમાનજી મંદિરે આજે હનુમાન દાદાના જન્મ દિન નિમિત્તે ૫૫૧ લાડુનો ભોગ ધરાવવામાં આવશે. રંગ અવધૂત પરિવારના પ્રમુખ દત્ત મંદિર ખાતે યોજનાર ૧૦૦૮ હનુમાન ચાલીસા પાઠથી અભિષેક કરવાના સંદર્ભે અભિષેકમાં બેસનાર ભક્તોને પિતાંબર ફરજિયાત પહેરવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેર પૂરતું જ નહીં પણ રાંધેજા ગામે કષ્ટભંજન ગોદડિયા હનુમાન મંદિર, સરગાસણ ગામે તથા વરદાયક હનુમાનજી મંદિર કલોલ ખાતે પણ હનુમાન જયંતિના પાવન અવસરે હનુમાનજીનો જન્મોત્સવ ઉજવાશે. ચૈત્રી પૂનમ અને રામભક્ત હનુમાનજીના જન્મ દિન નિમિત્તે સમગ્ર નગર ધાર્મિક વાતાવરણમાં ફેરવાઈ જશે. સવારથી લઈને રાત્રી દરમિયાન રામધૂન અને હનુમાનજીની સ્તુતિ આરાધનાઓ થશે.

### હનુમાન જયંતિની ઉજવણી...

- બાલા હનુમાનજી મંદિર, સેક્ટર-૨ : કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે આજે રાત્રે ૭ કલાકે બાલા હનુમાનજી મંદિરે સુંદરકાંડના પાઠ યોજાશે અને ૫૫૧ લાડુનો ભોગ ધરાવાશે.
- શિવ શક્તિ મંદિર, સેક્ટર-૫ : શિવ શક્તિ મંદિર, સેક્ટર-૫-એ, અંબાજી મંદિર ચોક ખાતે રાજેન્દ્રભાઈ પટેલના યજમાન પદે આજે રાત્રે ૮ કલાકે મારૂતિ યજ્ઞ યોજાશે.
- સેક્ટર-૩-બી : સેક્ટર-૩-બી, નવરાત્રિ ચોક પ્લોટ નં. ૪૦૭ ખાતે આજે ૯ કલાકે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.
- દત્ત મંદિર, સેક્ટર-૨૮ : રંગ અવધૂત પરિવાર અને રૂદ્રી મંડળના સહયોગથી દત્ત મંદિર, સેક્ટર-૨૮ ખાતે ૧૦૦૮ હનુમાન ચાલીસાના પાઠ રાત્રે ૭.૩૦ કલાકે યોજાશે. અને ૩૫ લીટર તેલથી અભિષેક થશે.
- કષ્ટભંજન નિવાસ, સેક્ટર-૨૯ : સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે મહેતા પરિવાર સેક્ટર-૨૯, ચ-૬ કોર્નર ખાતે સુંદરકાંડના પાઠ સવારે ૮ કલાકે યોજાશે.
- સિદ્ધનાથ મહાદેવ મંદિર, વાવોલ : સિદ્ધનાથ મહાદેવ મંદિર, વાવોલ ખાતે સવારે ૯ કલાકે મારૂતિ યજ્ઞ તથા રાત્રે ૯ થી ૧૨ અખંડ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે.
- કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર : સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે ગાંધીનગર માણસા હાઈવે રાંધેજા રેલવે ફાટક પાસે કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિરે બપોરે ૩ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.
- સરગાસણ : કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે આજે સાંજે ૫.૩૦ કલાકે પ્રવીણભાઈ પટેલના યજમાન પદે ગોલ્ડ કોઈન ફ્લેટ પાસેના ફાર્મહાઉસ પર, સરગાસણ રોડ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

## આવતીકાલનો ઉજાસ



**શ્વેતા જયરામભાઈ દેસાઈ**
**ધોરણ-૯, એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય**

શ્વેતા અભ્યાસ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લે છે. તે નૃત્યમાં અને ગાંધીનગર એસવીએસ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ ક્રમે અને સાયન્સ ક્વિઝ સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા બની છે. ઉપરાંત તે આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં પણ શ્રદ્ધાપૂર્વક ભાગ લે છે. તેણે બાલ ઊર્જારક્ષક દળ આયોજિત ઊર્જારેલીનું નેતૃત્વ કર્યું છે અને શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ સફળતાપૂર્વક સંચાલન કર્યું છે.



**ફાતેમા બાબુભાઈ અનવર**
**ધોરણ-૮, એમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય**

સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતી ફાતેમા વાનગી સ્પર્ધા, દિવાળી ગ્રિટીંગ કાર્ડ સ્પર્ધા, કેશગૂંફન, વાનગી સ્પર્ધા, ગીત સ્પર્ધા જેવી વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં હંમેશા અવ્વલ સ્થાને રહે છે.

સાયન્સ પ્રૉજેક્ટ સ્પર્ધામાં તેના દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રૉજેક્ટની પસંદગી શ્રેષ્ઠ પ્રૉજેક્ટ તરીકે કરવામાં આવી છે.

# ગુજકેટ પરીક્ષામાં પેપર મોડા અપાયાનો આક્ષેપ

અમદાવાદ, તા.૫

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટેની ગુજકેટની પરીક્ષા દરમિયાન આજે બે સ્કૂલમાં પેપર મોડા અપાયા હોવાના આક્ષેપ સાથે વાલીઓએ હોબાળો મચાવ્યો હતો અને સીએન વિદ્યાલયમાં સામાન્ય બાબતે વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. આજે ગુજકેટની પરીક્ષા શરુ થયા બાદ પાલડીમાં વિકાસગૃહની અંદર આવેલી ગર્લ્સ સ્કૂલમાં ઓએમઆર સીટ પર નંબર હાથથી લખવામાં આવતા વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો નિયમ મૂજબ ઓએમઆર સીટ પર નંબર ન હોવાથી હાથ લખવાની ફરજ પડી હતી. આ ઉપરાંત ગર્લ્સ સ્કૂલમાં ૧૫ મીનીટ મોડા પેપર આપવામાં આવતા વિદ્યાર્થી-વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. આ બન્ને મુદ્દે વાલીઓએ શહેર ડીઈઓ કચેરીમાં રજૂઆત કરી હતી. પરીક્ષા દરમિયાન પ્રથમ પેપરમાં જનારણપૂરાની ટર્ક સ્કૂલમાં પણ સવારે ૧૦.૦૦ વાગ્યાના બદલે ૭ મીનીટ મોડા પેપર અપાયા હોવાનો અને ૫ મીનીટ વહેલા ઉત્તરવહીઓ લઈ લીધી હોવાનો વાલીઓએ આક્ષેપ કર્યો હતો.

# એક અવિસ્મરણીય યાત્રા : પોળોનાં પ્રાચીન મંદિરો અને જંગલની

## આંતરસુબાના આશ્રમ પાછળ સ્થિત શિવ મંદિરના ચૉગાનમાં ઊભેલા અસંખ્યા પાળિયા કોઈ યોદ્ધા અથવા મહાન લોકનેતાની યાદ અપાવી ગયા, ઈતિહાસના અભ્યાસુઓ માટે ઉપયોગી બની રહે તેવી આ જગ્યા

ગત માર્ચ માસ દરમ્યાન ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના શિક્ષકો માટે પોળોના જંગલમાં પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. પિકનીકનો હેતુ સ્પષ્ટ હતો કે બધા જ શિક્ષક મિત્રો મજા માણી શકે, એકબીજા સાથે અને પોતાની સાથે પણ સમય ગાળી શકે. સ્થળ એવું પસંદ કરવું જરૂરી હતું કે જે શાળાથી ખૂબ દૂર ન હોય અને તૉય કુદરતના ખૉળે ભમવા મળે. થોડીક મથામણ પછી અરવલ્લીની હરિયાળી ટેકરીઓ અને ઘટાટોપ વનરાજી વચ્ચે, હરણાવ નદીના કિનારે આવેલાં પોળોનાં પ્રાચીન મંદિરો તેમજ જંગલોમાં આ પિકનીકનરૂપી સ્કૂલના ઉત્સવને ઉજવવાનું નક્કી કર્યું.

આયોજન અનુસાર અમે શિક્ષકો સમયસર સ્કૂલના પ્રાંગણમાં ઉપસ્થિત રહ્યા. તેમના ચહેરા પરના સ્મિતે આખા દિવસની આ પિકનીક ખૂબ સફળ રહેવાની છે નિશ્ચિત કરી દીધું હતું. બસમાં અંતાક્ષરીની સાથે નાસ્તાની મૉજ માણતા શિક્ષક મિત્રો ભરપૂર આનંદ માણવા માટે અજાણ્યા સ્થળે નીકળી પડ્યા હતા.

પ્રાથમિક આયોજન તો માત્ર પોળોના જંગલમાં સ્થિત કૅમ્પ સાઈટ પર જમવાનો, ત્યાં જ રમવાનો અને માત્ર બે-ત્રણ પ્રખ્યાત મંદિરોની મુલાકાત લેવાન હતો. પણ ટ્રસ્ટીઓ અને પ્રાચાર્યના માર્ગદર્શન તેમજ પ્રોત્સાહનથી અમારી સાથેના શિક્ષક જગદીશભાઈ ભટ્ટ કે જેઓ આ વિસ્તારના સઘન અભ્યાસુ, ભોમિયા, શિક્ષક, પ્રવક્તા, લેખક છે તેઓ પણ જોડાઈ ગયા હતા. હવે આ પિકનીકનો હેતુ માત્ર કુદરતને જ માણવાનો ન રહેતાં ગરિમા અને વૈભવ સાથે ઊભેલાં પુરાતન સ્મારકો કે જેમાં હિન્દુ શિવ મંદિરો અને જૈન મંદિરોનો સમાવેશ થાય છે તેમને ઐતિહાસિક દ્રષ્ટિથી નિહાળવાનો અને પુરાતન કળા કારીગરીને અહોભાવથી નમન કરવાનો થઈ ગયો હતો.

જગદીશભાઈએ સમગ્ર વિસ્તારમાં પથરાયેલાં પુરાતન સ્મારકોને અવલોકન કરવાની દ્રષ્ટિ શિક્ષકોને અર્પી હતી, જેના કારણે આ પિકનીક યાદગાર બની રહી હતી.

સૌપ્રથમ અમે વિરેશ્વર મહાદેવ મંદિર કે જે પોળોનું પ્રવેશદ્વાર ગણાય છે તેની મુલાકાત લેવા પહોંચ્યા હતા. ચારેબાજુ લીલીછમ ટેકરીઓથી ઘેરાયેલું આ મંદિર પૌરાણિક મહત્ત્વ ધરાવે છે. મંદિરના પ્રાંગણમાં આવેલ કુદરતી ફુઆરારૂપ ગંગાસ્વરૂપ માતાજીના તેમજ ટેકરી પર આવેલ ઉંબરાના વૃક્ષની મુલાકાત લીધી હતી. શિવજી, હનુમાનજી સાથે નરસિંહ અવતારના પણ આશીર્વાદ અહીં સૌએ મેળવ્યા હતા.




અમારી બીજી મુલાકાત હતી શિવ-શક્તિ અને સૂર્ય પ્રતિમાઓનો અદ્ભૂત સંગમ ધરાવતું અભાપુરનું શક્તિ મંદિર. કલાત્મક કોતરણી સાબિત કરે છે કે આ મંદિરની રચના ૧૪ કે ૧૫મી સદીમાં થઈ હશે. કોતરાયેલ શિલ્પ, કલાત્મક મૂર્તિઓ, ખંડેર હાલતમાં વિશાળ દરવાજાના અવશેષ, મંદિરની ચારેબાજુ સુંદર શક્તિ પ્રતિમાઓ, શિલાલેખ, મંદિરનાં શિલ્પો, ઘુમ્મટ, પ્રવેશદ્વાર જોઈને એમ લાગે કે આ સૂર્યમંદિર હશે. આ પ્રદેશની કલા કારીગરી, ભૌમિતિક રચનાઓ, સ્થાપત્ય કળાની વિરાસતની હાલત અલબત્ત, સાચવણીના અભાવે સારી કહી શકાય એવી ન હતી. પરંતુ તેમ છતાં ભવ્ય ભૂતકાળની આ છબિ જોઈને ગૌરવનો અનુભવ ચૉક્કસ થયો હતો.

કલાત્મક ઘુમ્મટવાળી છત્રીઓએ અમારું મન મોહી લીધું હતું. એવું મનાય છે કે આ છત્રીઓ કોઈના બલિદાનની સ્મૃતિરૂપે કે સમાધિરૂપે રચાયેલું સ્થાપત્ય છે. લાખેણાના દેરા પાસે સ્થિત પાણીનો કુંડ તત્કાલિન સમયના રાજા અને ઈજનેરની કાબેલિયત અને દૂરદર્શીતા દર્શાવે છે. મંદિરમાં પ્રવેશતા પહેલાં સ્વચ્છ થવાની પરંપરા, સલામતી જલવાઈ રહે એવી કુંડની બાંધણી, યાત્રાળુઓ વધારે હોય તો ધક્કામુક્કી ન થાય તેમજ પ્રાણીઓ પાણી બગાડે નહીં તેવાં આયોજન કરેલાં પગથિયાંની રચના, બારેમાસ પાણીની ઉપલબ્ધતા રહે તેવી કુદરતી રચના, સ્નાન અને કપડાં બદલવા માટે ઓરડીની વ્યવસ્થા અને કેટલું બધું ! આપણા પૂર્વજો આપણા કરતાં વધુ હોંશિયાર, દૂરદર્શી હતા અને તેમની કાર્યપદ્ધતિ પણ પ્રશંસનીય હતી એવો અનુભવ અહીં થયો.

આંતરસુબાના આશ્રમ પાછળ સ્થિત શિવ મંદિરના ચૉગાનમાં ઊભેલા અસંખ્યા પાળિયા કોઈ યોદ્ધા અથવા મહાન લોકનેતાની યાદ અપાવી ગયા. ઈતિહાસના અભ્યાસુઓ માટે ઉપયોગી બની રહે તેવી આ જગ્યા.

પછી સમય આવ્યો થોડા



આરામ, આહાર અને મૉજમસ્તીનો. કૅમ્પસાઈટ પર પહોંચીને સૌએ સમૂહ ભોજનનો આનંદ લીધો અને થોડા આરામ બાદ ટેકરી ઉપર સ્થિત વણજ ડૅમની મુલાકાત લીધી. પરત આવીને કૅમ્પ પાસે નદીમાં સર્જાયેલા કુદરતી ધોધમાં સ્નાનની મજા સૌએ માણી. માત્ર પાણીથી જ નહીં, આનંદથી પણ સૌ ભીંજાયા.

એ પછી પ્રસ્થાન કર્યું સોલંકી કાળના જૈન દેરાસરો અને મંદિરો તરફ. લાખેણાના દેરામાં જૈન દેરાસરો, શિવ મંદિરોની ભવ્યતાએ આંખોને ચકિત કરી દીધી. તેની રચના, કોતરકામ - માઉન્ટ આબુમાં સ્થિત દેલવાડાના દેરાની યાદ અપાવે છે. આપણી આ સંસ્કૃતિમાં સ્થાપત્ય વખતે પક્ષીના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે, એ જોઈને આશ્ચર્ય થયું હતું. દેરાણી-જેઠાણીના દેરા, પીઠ ઉપર છત વગરનું શિવ મંદિર, બ્રાહ્મી અને વૈષ્ણવીનાં મૂર્તિ શિલ્પ નોંધપાત્ર હતાં.

નવદેરાનાં મંદિરના કેટલાક ભાગને વૃક્ષોથી નુકસાન થયું છે. કેટલાંક મંદિર તો વડલાના વૃક્ષે એવી રીતે ઊંચક્યાં છે કે જાણે મંદિર દત્તક લીધું ન હોય ! મુલાકાતનું છેલ્લું સ્થાન હતું શરણેશ્વર મંદિર, રક્તચામુંડા મંદિર અને શિવ પંચાયત મંદિર.

આપણી આ ઐતિહાસિક ધરોહરને નિહાળીને અવાજક થયેલા અમે સૌએ જગદીશભાઈને દિલથી સલામ કરીને વિદાય આપી હતી. તેમને પણ અમારો સંગાથ ખૂબ ગમ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે બીજી વાર આવો ત્યારે ખેડબ્રહ્માનાં આવાં જ મંદિરોની મુલાકાતે જઈશું.

પિકનીક સાથે આ ઐતિહાસિક સ્થાપત્યો માણીને અમે સંતૃપ્ત થયા હતા. આજે પણ આ દિવસને વાગોળીએ છીએ ત્યારે મનમાં આનંદ વ્યાપી જાય છે. આ જગ્યાની મુલાકાત માટેનો શ્રેષ્ઠ સમયગાળો શિયાળો અથવા ચૉમાસાની ઋતુ છે. જગ્યા વિદ્યાર્થીઓ માટે પણ અનુકૂળ છે. વન વિભાગ તરફથી ડિસેમ્બર માસ દરમ્યાન યોજાતા કૅમ્પમાં પણ વિદ્યાર્થીઓને મોકલી શકાય છે.

-નીરવ ગુપ્તા